RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૩૩ તા.૨૫–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી મુબારકઅલી ગુલામનબી સીદી(બાદશાહ)
સામાવાળા:– ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આ.અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુબારકઅલી ગુલામનબી સીદી(બાદશાહ)ની તા. ૧૨–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) લાલમિયા મસ્જીદ રોડ, રામપુરાની મિલકત નોંધ નં.૭/૯૧૪નાં માલિક નિઝામુદ્દીન રહેમ્મુલાનાં માલિક હોવા અંગેના ડોકયુમેન્ટ પેપરોની માહિતીની નકલો (૨) નોંધ નં.૭/૯૧૪નાં માલિક જમનાબેન કનૈયાલાલનાં પણ માલિક હોવા અંગેના ડોકયુમેન્ટ પેપરોની માહિતીની નકલો વિ. મુદ્દા નં.(૧) થી (૧૧)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૩૩/૨૦૧૧–૧૨

શ્રી મુબારકઅલી ગુલામનબી સીદી(બાદશાહ)ની તા. ૧૨–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) લાલમિયા મસ્જીદ રોડ, રામપુરાની મિલકત નોંધ નં.૭/૯૧૪નાં માલિક નિઝામુદ્દીન રહેમ્મુલાનાં માલિક હોવા અંગેના ડોકયુમેન્ટ પેપરોની માહિતીની નકલો (૨) નોંધ નં.૭/૯૧૪નાં માલિક જમનાબેન કનૈયાલાલનાં પણ માલિક હોવા અંગેના ડોકયુમેન્ટ પેપરોની માહિતીની નકલો વિ. મુદ્દા નં.(૧) થી (૧૧)ની માહિતી આપવા બાબતે ચીફ ફુડ ઈન્સ્પેકટરના પત્ર નં.જાવક નં.પીએચડી / ફુડ / ૮૬૯ તા. ૨૧–૧૦–૧૧થી મળેલ માહિતી અધુરી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વિષય વસ્તુની માહિતી અંગે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ ફુડ એન્ડ સેફટી એકટ અંગે જોગવાઈ સહ હકીકત જણાવવા તથા અરજદારના તબદીલીના મુદ્દા અંગે સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૦૮ તા.૫–૧૨–૧૧ થી** ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આ.અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને "ફુડ એન્ડ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ એકટ" વિશે ચોકકસ વિગત રજૂ કરવા તથા કઈ જાહેર સત્તામંડળને તબદીલી નથી કરી તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ વિભાગ તરફથી તા.૨૮–૧૨–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં મીનીસ્ટ્રી ઓફ હેલ્થ અને ફેમીલી વેલ ફેર વિભાગનું ફુડસેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ના તા.૧–૮–૧૧ ના નોટીફીકેશનની લાયસન્સ રજીસ્ટ્રેશન અંગેની શરતો અને જોગવાઈઓ ફોર્મ વિગેરેની માહિતી નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૯૬ તા.૩–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૬૩ તા.૧૩–૧૦–૧૧ થી સીટી સર્વે સુપ્રિ. બહુમાળી, તથા આરોગ્ય અધિકારી આરોગ્ય વિભાગ સુ.મ.પા.ને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૬૯ તા.૨૩–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૨–૧૦–૧૧ ની અરજીથી નોંધ નં.૭/૯૧૫ ની માલિકી તેમજ લાયસન્સ નોંધણી અંગેની મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૬૩ તા.૧૩–૧૦–૧૧ થી સીટી સર્વે સુપ્રિ. બહુમાળી, તથા આરોગ્ય અધિકારી આરોગ્ય વિભાગ સુ.મ.ન.પા.ને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૬૯ તા.૨૩–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૮૬૯ તા.૨૧–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૬ થી ૮ ની માહિતી આપવામાં આવેલ છે.

મુદ્દા નં.(૧) લાલમિયા મસ્જીદ રોડ, રામપુરાની મિલકત નોંધ નં.૭/૯૧૪નાં માલિક નિઝામુદ્દીન રહેમ્મુલાનાં માલિક હોવા અંગેના ડોકયુમેન્ટ પેપરોની માહિતીની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મ્યુ. દફતરે ટેના નં.૭બી–૦૧–૧૦૬૧–૦–૦૦૨ નોંધ નં.૯૧૪ વાળી મિલ્કતમાં નિઝામુદ્દીન રહેમતુલ્લા ભાડુત તરીકે દાખલ છે પુરાવા માટે વર્ષ ૨૦૧૦–૧૧ ની એસેસમેન્ટની નકલ આ સાથે સામેલ છે. સેન્ટ્રલઝોન કચેરીનો દફતરી રેકર્ડ જોતાં ૭/૯૧૪ વાળી મિલ્કતમાં નોંધાયેલ સંસ્થાની માહિતી નીચે મુજબ છે. (૧) સંસ્થાનું નામઃ– વિશ્વાસ ટેલર્સ (૨) માલિકનું નામઃ– વલ્લભભાઈ કેશવભાઈ (૩) કામકાજનો પ્રકારઃ– દરજી કામ (૪) સંસ્થાનું સરનામુંઃ– ૭/૯૧૪, રામપુરા, લાલમીયા મસ્જિદ પાસે, ગાર્ડન મીલ સામે, સુરત. (૫) નોંધણી પ્રમાપણત્ર નં.CZ/S/7/4926 (૬) નોંધણી તારીખઃ– ૨૦–૫–૧૯૮૭ (૭) કામકાજ શરૂ કર્યાની તારીખઃ– ૧૫–૫–૧૯૮૭ (૮) છેલ્લી રીન્યુ તારીખઃ– ૩૧–૧૨–૧૯૮૭ વ્યવસાયવેરા અંગેની ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. (૨) નોંધ નં.૭/૯૧૪નાં માલિક જમનાબેન કનૈયાલાલનાં પણ માલિક હોવા અંગેના ડોકયુમેન્ટ પેપરોની માહિતીની નકલો.. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૭ નોંધ નં.૯૧૪ ટેના નં.૭બી–૦૧–૧૦૭૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં વર્ષ ૧૯૯૭–૯૮ થી આજ દિન સુધી જમનાબેન કનૈયાલાલ માલિક તરીકે દાખલ છે. મ્યુ. દફતર મુજબ સદર મિલ્કતની ઉંમર આશરે ૨૯ વર્ષ જેટલી જણાય છે. સદર મિલ્કત ઘણી જુની હોય જમનાબેન કનૈયાલાલ માલિક તરીકેના પુરાવા ઉપલબ્ધ થઈ શકે તેમ ન હોય વર્ષ ૧૯૯૭–૯૮ અને વર્ષ ૨૦૧૦–૧૧ ની એસેસમેન્ટની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ વોર્ડ નં.૭ નં.૯૧૫ વાળી મિલ્કતમાં માલિક. મુદ્દા નં.૬ ઈમ્લે. રજીનાબીબી મોહંમદ ઈકબાલ બનારસી માલિક હોવા અંગેના પુરાવા તથા સરદ મિલ્કતની દુકાનની નોંધણી. મુદ્દા નં.૮ વ્યવસાયવેરાની ગુમાસ્તાધારાની અને આરોગ્ય તથા ફુડ સેફટી એન્ડ સ્ટોક એકટ–૨૦૦૫ ની ફુડ એન્ડ ડ્રગ વિભાગની નોંધણીની માહિતીની નકલ. તેવા મુદ્દા નં.(૩,૬ અને ૮ )અંગે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૭, નોંધ નં.૯૧૫ નં.૭બી–૦૧–૧૦૮૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં રજીનાબીબી મોહંમદ ઈકબાલ બનારસીનું નામ ઈમ્લેદાર તરીકે એફ.ડી.ટી નં.૧૪૫ તા.૦૧–૧૦–૦૧ થી એ.આર.ઓ.શ્રીના તા.૨૯–૦૯–૦૧ ના હુકમથી દાખલ કરવામાં આવેલ છે. એફ.ડી.ટી તુમાર નં.૧૪૫ તા.૦૧–૧૦–૦૧ ઉપલબ્ધ ન હોય વર્ષ ૨૦૦૧–૦૨ ના વર્ષથી એસેસમેન્ટની નકલ આ સાથે સામેલ છે. સદર મિલ્કતમાં ગુમાસ્તાધારાની નોંધણી તથા વ્યવસાયવેરાની ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં કોઈ માહિતી ઉપલબ્ધ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગ તરફથી પીએચડી/ફુડ/૮૬૯ તા.૨૧–૧૦–૧૧ થી નવા કાયદા હેઠળ રજીસ્ટ્રેશન તથા લાયસન્સ આપવાના અમલીકરણ અંગેની આનુષાંગિક ખાતાકીય કાર્યવાહી ચાલુ હોઈ હાલમાં નોંધણી શરૂ કરેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪તથા ૫ નોંધ નં.૭/૯૧૫ ના માલિક પુષ્પાબેન કંચનલાલ માલિક હોવાના ડોકયુમેન્ટ તેમજ રામચંદ્ર ગોપાલભાઈના માલિક હોવાના ડોકયુમેન્ટ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી વર્ષ ૨૦૧૦–૧૧ નું એસેસમેન્ટ જોતાં વોર્ડ નં.૭ નોંધ નં.૯૧૫ વાળી મિલ્કતમાં હાલ પુષ્પાબેન કંચનલાલ તેમજ રામચંદ્રભાઈ ગોપાલભાઈના નામો દાખલ નથી. ટેના નં.૭બી–૦૧–૧૦૮૧–૦–૦૦૨ પર પુષ્પાબેન કંચનલાલ અને ટેના નં.૭બી–૦૧–૧૦૮૧ –૦–૦૦૩ પર રામચંદ્ર ગોપાલભાઈનું નામ દાખલ હતું પરંતુ તા. ૧–૦૪–૦૯ થી એફ.ડી.ટી તુમાર નં.૨૯ તા.૧૨–૫–૦૯ થી સર્વેયરની વોર્ડ ફેરણીની સ્થળ તપાસ દરમ્યાનની સ્થળ તપાસ માલિકે આપેલ માહિતી તેમજ ભરેલ રેકવીઝેશન ફોર્મના આધારે નામ કમી કરવામાં આવેલ છે અને આર.સી.સી. ની નવી બાંધેલ મિલ્કત દાખલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ વોર્ડ નં.૭ નોંધ નં.૯૧૫ માં ગોડાઉન /દુકાન નં.૨ ની નોંધણીની વ્યવસાયવેરાની, ગુમાસ્તાધારાની (અને આરોગ્ય) તથા ફુડ સેફટી એન્ડ સ્ટોક એકટ –૨૦૦૫ ની ફુડ અને ડ્રગ વિભાગની નોંધણીની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ જોતાં વ્યવસાયવેરા, ગુમાસ્તાધારા નોંધણી અંગે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. જયારે ફુડ લાયસન્સ અંગે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૨૬૩ તા.૧૩–૧૦–૧૧ થી આરોગ્ય વિભાગને અરજી તબદીલ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ નોંધ નં.૭/૯૧૬ માં ગંગુ રતનજી માલિક મોહંમદ સૈયદ મો. અ.નું નામ માલિક હોવાના– વેચાણ કે નામ ટ્રાન્સફર ડોકયુમેન્ટની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વર્ષ ૧૯૯૭–૯૮ અને વર્ષ ૨૦૧ ૦–૧૧ ના એસેસમેન્ટ જોતાં વોર્ડ નં.૭ નોંધ નં.૭/૯૧૬ નં.૭બી–૦૧–૧૦૯૧–૦–૦૦૧ વાળી મિલ્કત પર ગંગુ રતનજી કબ્જેદાર મહંમદ સૈયદનું નામ દાખલ છે જ. માલિક અંગેના પુરાવા ઉપલબ્ધ નથી માલિકી અંગે સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૬૩ તા.૧૩–૧૦–૧૧ થી સીટી સર્વે સુપ્રિ. શ્રીને અરજી તબદીલ કરેલ છે. સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં સદર નંબરવાળી મિલ્કતમાં નોંધાયેલ સંસ્થાની માહિતી નીચે મુજબ છે. (૧) સંસ્થાનું નામઃ– વિજય સાયકલ માર્ટ (૨) માલિકનું નામઃ– જગુભાઈ શિવાભાઈ સાગર (૩) કામકાજનો પ્ર કારઃ– સાયકલ ભાડે ફેરવવાનો તથા રીપેર કરવાનો. (૪) સંસ્થાનું સરનામુઃ– ૭/૯૧૬, લાલ દરવાજા, હરીજનવાસ સુરત. (૫) નોંધણી પ્રમાપણત્ર :– નં.CZ/S/7/3926 (૬) નોંધણી તારીખઃ– ૧૮–૪–૧૯૮૪ (૭) કામકાજ શરૂ કર્યાની તારીખઃ– ૧–૩–૧૯૮૪ (૮) છેલ્લી રીન્યુ તારીખઃ– ૩૧–૧૨–૧૯૮૭ વ્યવસાયવેરા અંગેની ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૦) નોંધ નં.૭/૯૧૬ ના માલિક માનસા સીદ્દી ઈમ્લે તથા ડાહયાભાઈ મણીલાલના માલિક હોવા અંગેના રજૂ કરેલ ડોકયુમેન્ટ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નોંધ નં.૯૧૬ ટેના નં.૭બી–૦૧–૧૧૦૧–૦–૦૦૧ માં માલિક મીનસા

સીદ્દી ઈમ્લે. તથા ડાહયાભાઈ મણીલાલના નામ સીટી સર્વેની નકલને આધારે દાખલ કરવામાં આવેલ છે. સીટી સર્વેની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૧ નોંધ નં.૭/૯૧૭ મિલ્કતના માલિક હરીશચંદ્ર ધીરજલાલ રતીલાલ ચંદુલાલ કોસંબીયા ભીખીબેન D/O વાલજીભાઈ રૂક્ષ્મણી D/O વાલજીભાઈના માલિક હોવાના રજૂ કરેલ ડોકયુમેન્ટના તમામ પેપરોની માહિતીની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વર્ષ ૧૯૯૭–૯૮ થી વર્ષ ૨૦૧૦–૧૧ ના એસેસમેન્ટમાં વોર્ડ નં.૭ નોંધ નં.૯૧૭ ટેના નં.૭બી–૦૧–૧૧૧૧–૦–૦૦૧ પર માલિક તરીકે હરીશચંદ્ર ધીરજલાલ રતીલાલ ચંદુલાલ વાલજીભાઈ કોસંબીયા ભીખીબેન D/O વાલજીભાઈ રૂક્ષ્મણી D/O વાલજીભાઈનું નામ દાખલ છે જ. જેના માલિક હોવાના પુરાવા ઉપલબ્ધ નથી. સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં ગુમાસ્તાધારા નોંધણી અને વ્યવસાય વેરા અંગે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવ અધૂરો હોવાનું જણાવી તા.૨૫–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે અત્રે નં.આરટીઆઈ સેલ/૧૨૦૮ તા.૫–૧૨–૧૧ થી ''ફુડ એન્ડ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ એકટ'' વિશે ચોકકસ વિગત રજૂ કરવા તથા કઈ જાહેર સત્તામંડળને તબદીલી નથી કરી તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર અપીલ તબકકે તેમ કરવામાં સફળ રહેલ નથી. આમ જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે આથી અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતી બંને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,

(૧) ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આ.અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે

(૨) શ્રી મુબારકઅલી ગુલામનબી સીદી(બાદશાહ),